નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૫-૨/૨૦૨૨
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી
જામનગર, તા.૦૫/૧૧/૨૦૨૨

સંદર્ભ :-
(૧) આ કચેરીના આદેશ નં. મેજી/૪૫૬૬, તા. ૮/૧૨/૭૦
(૨) આ કચેરીના આદેશ નં. મકજ/૭૩-૧, તા. ૨૮/૦૬/૭૩
(૩) લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો -૧૯૬૦
(૪) આ કચેરીના આદેશ નં.ડીએમ/વિ.સ.ચૂંટણી/૦૫/૨૦૨૨, તા.03/૧૧/૨૦૨૨

**આદેશ :-**

આ કચેરીના સંદર્ભ ૧, ૨ અને ૩ માં દર્શાવેલ હુકમોથી જાહેર સ્થળો તથા જાહેર મનોરંજનની જગ્યામાં લાઉડ સ્પીકર વગાડવા માટે પરવાનગી આપવાના અધિકારો પોલીસ અધિક્ષકશ્રી, વિભાગીય પોલીસ અધિક્ષકશ્રી, જે તે પોલીસ સ્ટેશનના ઈન્સ્પેકટર/પોલીસ સબ ઈન્સ્પેકટરને આપવામાં આવેલ જે વિધાનસભાની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ દરમિયાન ઉમેદવારો તરફથી લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ ઉતાવળે માંગવામાં આવે તે સમયે પોલીસ અધિકારીઓ કોઈ ગુનાની તપાસમાં રોકાયેલા હોય, અગર કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીમાં રોકાયેલ હોય તેવા સમયે ઉમેદવારોને પરવાનગી મેળવવામાં સુગમતા રહે તેમજ આચાર સંહિતાનું યોગ્ય રીતે પાલન થાય તે હેતુથી ચૂંટણીના હેતુ માટે તેમજ તે સિવાયના અન્ય તમામ હેતુઓ માટે માંગવામાં આવતી પરવાનગીઓ આપવા સંદર્ભ-(૪) ના હુકમ થી લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો-૧૯૬૦ના નિયમ ૧ અને ૭ હેઠળ અધિકારો આપવામાં આવેલ છે.

હાલ, લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગીઓ આપવા અત્રેની કચેરીના તા.૦૫/૧૧/૨૦૨૨ ના સુધારા હુકમથી સિંગલ વિન્ડો ખાતાના નોડલ ઓફીસરમાં ફેરફાર કરવામાં આવેલ છે. જેથી <u>લાઉડ સ્પીકર વગાડવાની પરવાનગી આપવા</u> લાઉડ સ્પીકર વગાડવા અંગેના નિયમો-૧૯૬૦ના નિયમ ૧ અને ૭ હેઠળ અધિકારો નીચે મુજબ આપવા સુધારા હુકમ કરવામાં આવે છે તથા સંદર્ભ-(૪) ના હુકમની અન્વયે વિગતો યથાવત રહેશે.

| ક્રમ | વિસ્તાર | અધિકારો આપેલ અધિકારીનો હોદ્દો |
|---|---|---|
| ૧ | જામનગર જિલ્લાના એકથી વધારે વિધાનસભા મતદાર વિભાગના વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | શ્રી જે.સી. ગોહિલ, જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી,જામનગર |
| ૨ | ૭૯-જામનગર (દક્ષિણ) વિધાનસભા મતદાર વિભાગ વિસ્તાર માટે રાજકીય પક્ષ/ઉમેદવાર તરફથી મંજુરી માંગવામાં આવે તે કિસ્સામાં | મામલતદારશ્રી, જામનગર (શહેર) |

લાઉડ સ્પીકરની પરવાનગી સરકારશ્રીના ગૃહ વિભાગની તથા રાજ્ય ચૂંટણી આયોગની વખતો-વખતની સૂચના, આદેશ અને નિયત થયેલ આચાર સંહિતા લક્ષમાં લઈ આપવાની રહેશે. ચૂંટણી લક્ષી અપાયેલ પરવાનગીની નકલ અત્રેને તથા સંબંધિત જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી તથા સંબંધિત પોલીસ સ્ટેશનને તુરંત મોકલવાની રહેશે.

Office of the District Magistrate
જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લો)
ગુજરાત રાજ્ય
Jamnagar District

નામ. સુપ્રિમ કોર્ટની ગાઈડ લાઈન મુજબ લાઉડ સ્પીકર વગાડવાની મંજુરી કોઈપણ સંજોગોમાં રાત્રીના ૧૦-૦૦ પછી અને સવારના ૬-૦૦ વાગ્યા સુધીના સમય માટે આપી શકાશે નહી. જેની સંબંધકર્તા તમામ અધિકારીઓએ નોંધ લેવી.

(સૌરભ પારધી)
જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

પ્રતિ,
(૧) જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી, જામનગર
(૨) મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર (શહેર)
(૩) મદદનીશ ચૂંટણી અધિકારી અને જન સંપર્ક અધિકારીશ્રી, કલેકટર કચેરી, જામનગર
(૪) મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી (પ્રોટોકોલ), કલેકટર કચેરી, જામનગર

નકલ રવાના :-
૧. પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨. સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટશ્રી ......................(તમામ)
૩. નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી, જામનગર.
૪. ચૂંટણી અધિકારી ૭૬-કાલાવડ(અ.જા.) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ
૫. ચૂંટણી અધિકારી ૭૭-જામનગર(ગ્રામ્ય) વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, જામનગર(ગ્રામ્ય)
૬. ચૂંટણી અધિકારી ૭૮-જામનગર ઉતર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી,જામનગર(શહેર)
૭. ચૂંટણી અધિકારી ૭૯-જામનગર દક્ષિણ વિધાનસભા મતદાર વિભાગ અને જિલ્લા પુરવઠા અધિકારીશ્રી, જામનગર
૮. ચૂંટણી અધિકારી ૮૦-જામજોધપુર વિધાનસભા મતદાર વિભાગ અને પ્રાંત અધિકારીશ્રી, લાલપુર
૯. નાયબ પોલીસ અધિક્ષકશ્રી, જામનગર શહેર વિભાગ/ગ્રામ્ય વિભાગ
૧૦. મદદનીશ ચૂંટણી અધિકારી અને મામલતદારશ્રી, જામનગર(શહેર)/જામનગર(ગ્રામ્ય)/કાલાવડ/લાલપુર/જામજોધપુર/ધ્રોલ/જોડીયા/ભાણવડ
૧૧. પોલીસ ઈન્સ્પેકટરશ્રી/પોલીસ સબ ઈન્સ્પેકટરશ્રી, સીટી એ ડીવી./ સીટી બી ડીવી./સીટી સી ડીવી./પંચ એ ડીવી./ પંચ બી ડીવી./બેડી મરીન/ મેઘપર (પડાણા)/સિક્કા/જામજોધપુર/ શેઠવડાળા/લાલપુર/કાલાવડ ટાઉન/ કાલાવડ (ગ્રામ્ય)/જોડીયા/ ધ્રોલ પો.સ્ટે., જી.જામનગર
૧૨. નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં બહોળી પ્રસિધ્ધિ અપાવવા વિનંતી સહ.
૧૩. માન્ય રાજકિય પક્ષો (મારફત નાયબ જિલ્લા ચૂંટણી અધિકારીશ્રી,જામનગર )(વધારાની ૭ નકલો સાથે)
૧૪. આઈ.સી.ટી. ઓફીસરશ્રી, જામનગર
.... ઉકત હુકમને આ કચેરીની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.
૧૫. આ કચેરીની રાજય ચૂંટણી આયોગ શાખા, જામનગર
૧૬. સિલેકટ ફાઈલ